# જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી: મંત્રી બાવળીયાએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો

## 'વિકસિત ભારત–૨૦૪૭'ના સંકલ્પ સાથે ભાવનગર જિલ્લાના બંદર, સિંચાઈ, ઊર્જા અને કૌશલ્ય ક્ષેત્રના વિકાસ પ્રકલ્પોની સમીક્ષા કરી ; ઘોઘાના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો








ભાવનગર,તા.૧૭

ભાવનગરના ઘોઘા રો-રો ફેરી ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. મંત્રીએ ખુલ્લી જીપમાં પરેડ નિરીક્ષણ કરી ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ પાઠવતાં મંત્રી કુંવરજી બાવળીયાએ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે 'વિકસિત ભારત–૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત કૃષિ, વિજ્ઞાન, શૈક્ષણિક અને ટેક્નોલોજી ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. રમતગમત ક્ષેત્રે ગુજરાતની વધતી પ્રતિષ્ઠાને કારણે ૨૦૩૦ની ૨૪મી કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળવી એ ગૌરવની વાત છે.

ગ્રામીણ અને શક્તિ સશક્તિકરણ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે ભાવનગર જિલ્લામાં ૫,૯૮૩ સ્વસહાય જૂથો કાર્યરત છે. આર.એસ.ઈ.ટી.આઈ. દ્વારા ૧૩,૪૮૫ લોકોને તાલીમ આપવામાં આવી છે, જ્યારે 'લખપતિ દીદી' અને 'ડ્રોન દીદી' જેવી યોજનાઓથી મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે.

જિલ્લાના વિકાસપ્રકલ્પોનો ચિતાર આપતાં મંત્રીએ ઘોઘા–હજીરા રો-રો ફેરી, નેશનલ હાઈવે–૭૫૧ કોરિડોર અને પોર્ટ પર બનનારા મલ્ટી-કાર્ગો ટર્મિનલનો ઉલ્લેખ કર્યો હતો. સૌની યોજના હેઠળ શેત્રુંજયથી રાયડી સુધીની ૭૫.૯૩ કિ.મી. પાઈપલાઈનથી ૬ જળાશયો ભરાતા ૨૧ ગામોની ૫૬ હજાર એકર જમીનને તથા શેત્રુંજી-બગડ નદીના જળસંચયથી ૧૯ ગામોના ૯,૫૫૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. પાલીતાણામાં ૨૫ મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ અને પાંડેરિયામાં ઈકો-ટુરિઝમ પર્યાવરણ જતન સાથે વિકાસને વેગ આપશે.

આ પ્રસંગે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૫૦ ક્ષેત્રના પ્રતિભાશાળીઓનું સન્માન કરાયું હતું. મંત્રીએ ઘોઘાના વિકાસ માટે જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલને રૂ. ૨૫ લાખનો પ્રતિકાત્મક ચેક અર્પણ કર્યો હતો. કાર્યક્રમ બાદ મંત્રી, કલેક્ટર, જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. નિતેશ પાંડેય સહિતના મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું. જિલ્લા શિક્ષણ વિભાગના મંત્રમુગ્ધ સાંસ્કૃતિક કાર્યક્રમોએ આકર્ષણ જમાવ્યું હતું. આ ઉજવણીમાં જિલ્લા પંચાયત પ્રમુખ અશોક લાધવા, નાયબ વન સંરક્ષક દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર એન.ડી. ગોવાણી, દિગ્વિજયસિંહ ગોહિલ અને પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ સહિત અધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

## ભાવ. રેલવે મંડળમાં સ્વાતંત્ર્ય દિવસે ડીઆરએમ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવાયો



૮૦મા સ્વાતંત્ર્ય દિવસના અવસરે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનો મુખ્ય સમારોહ ભાવનગર પરા સ્થિત રેલવે સ્ટેડિયમ ખાતે યોજાયો હતો જેમાં મંડલ રેલ પ્રબંધકે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો અને ધ્વજને સલામી આપી.ધ્વજારોહણ બાદ મંડલ રેલ પ્રબંધક દિનેશ વર્માએ રેલવે સુરક્ષા બળ, સેન્ટ જ્હોન એમ્બ્યુલન્સ, ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ તથા સિવિલ ડિફેન્સની પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

## વરતેજની મધુ સિલીકા પ્રાઇવેટ લિમિટેડ ખાતે દેશભક્તિના માહોલમાં સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો



ભાવનગરની જાણીતી મધુ સિલીકા પ્રાઈવેટ લિમિટેડ કંપની ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસનું રાષ્ટ્રીય પર્વ ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં ઉજવવામાં આવ્યું હતું. આ વિશેષ પ્રસંગે કંપનીના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ભવ્ય ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ રાષ્ટ્રગીત ગાઈને દેશ પ્રત્યેની પોતાની નિષ્ઠા વ્યક્ત કરી હતી.?આ અવસરે કંપનીના ઉચ્ચ અધિકારીઓએ કર્મચારીઓને પ્રોત્સાહિત કરતું પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે દેશની આઝાદીના ઈતિહાસને યાદ કરી, કર્મચારીઓની સખત મહેનત અને કંપનીના વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી હતી. આ સેલિબ્રેશનમાં કંપનીના તમામ સ્ટાફ અને કામદારોએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેનાથી સમગ્ર સંકુલમાં દેશભક્તિનો અદભુત માહોલ જોવા મળ્યો હતો.

## 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' અંતર્ગત માયાબેન કોડનાણીએ આપ્યું ધારદાર વક્તવ્ય

ભાવનગર,તા.૧૭

દેશ આઝાદ થયો તેના તેના એક દિવસ અગાઉ ૧૪ મી ઓગસ્ટના રોજ અખંડ ભારત સ્મૃતિ દિવસ મનાવવાની ભારતીય જનતા પાર્ટીની પરંપરા રહી છે, ત્યારે આ ૧૪ મી ઓગસ્ટ ૨૦૨૬ અને શુક્રવારના રોજ અધ્યક્ષ શ્રી કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં શહેર કાર્યાલય ખાતે 'વિનાશક વિભિષિકા સ્મૃતિ દિવસ' (આઝાદીના ભાગલા પછીની દારૂણ કરુણાન્તિકા) અંતર્ગત એક વક્તવ્ય રાખવામાં આવેલ, જેમાં વક્તા તરીકે પૂર્વ ધારાસભ્ય માયાબેન કોડનાણીએ ધારદાર વક્તવ્ય આપ્યું હતું, પૂર્વ પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને પૂર્વ સાંસદ રાજુભાઈ રાણા, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ઉષાબેન તલરેજા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ ગોહિલ, મુકેશભાઈ ડાભી, નિલેશભાઈ રાવલ સહીત શહેર અને સંગઠન, મનપાના પદાધિકારીઓ સહીત નગરસેવકો, વરિષ્ઠ આગેવાનો, તમામ સેલ, મોરચા અને સમિતિઓના હોદ્દેદારો, સંગઠનના પૂર્વ હોદ્દેદારો તેમજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓએ આઝાદી સમયની કરુનણાંતિકા વિશેના વકૃત્વને સજળ આંખોએ શ્રાવ્ય કર્યું હતું, આ ઉપરાંત કાર્યકર્તાઓને વિભાજનની વિભીષિકા પરની પીપીટી દર્શાવવામાં આવી હતી, જે નિહાળીને લોકો ભાવુક થઇ ગયા હતાં.

## સિહોર શહેર અને તાલુકામાં આઝાદી પર્વની ભવ્ય ઉજવણી: જાંબાળા ગામે મામલતદારે સલામી ઝીલી

સિહોર,તા.૧૭

સિહોર શહેર અને તાલુકાભરમાં રાષ્ટ્રીય તહેવાર દેશભક્તિના માહોલમાં ઉજવાયો હતો. જાંબાળા ગામે તાલુકા કક્ષાની ઉજવણીમાં મામલતદાર સતિષભાઈ જાંબુચાએ ધ્વજવંદન કરી સલામી ઝીલી હતી. આ પ્રસંગે પરેડ નિરીક્ષણ, વૃક્ષારોપણ અને શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સિહોર નગરપાલિકા ખાતે પ્રમુખ જાગૃતિબેન રાઠોડના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું, જ્યાં ઉપસ્થિત સૌએ સ્વદેશીના શપથ લીધા હતા. આ ઉપરાંત સિહોર ન્યાયમંદિર ખાતે ન્યાયાધીશના હસ્તે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. શહેરની જે.જે. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલ, એલ.ડી. મુની હાઈસ્કૂલ, વિદ્યામંજરી સંસ્કૃતિ સ્કૂલ, નંદલાલ ભુતા હાઈસ્કૂલ તેમજ ગ્રામ્ય વિસ્તારોની શાળાઓ અને ગ્રામ પંચાયતોમાં પણ સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતગમત સ્પર્ધાઓ અને વૃક્ષારોપણ સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.




તસ્વીર : કૌશિક વ્યાસ

## ભાવનગર નાગરિક સહકારી બેંકમાં ચેરમેન ધર્મેન્દ્ર મહેતાએ તિરંગો ફરકાવ્યો



ભાવનગર નાગરિક સહકારી બેંક લિમિટેડની હેડ ઓફિસના પટાંગણમાં ચેરમેન ધર્મેન્દ્રભાઈ મહેતાના વરદ હસ્તે ધ્વજારોહણ કરાયેલ. આવેલ આ પ્રસંગે બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો ખાસ ઉપસ્થિત રહેલ તદુપરાંત બેંકનો સ્ટાફ સભાસદો અને ગ્રાહકોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ.

## અભિનય ઉત્સવ દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરતા ભાવનગરના સ્કાઉટ ગાઈડ રોવર રેંજર

### ૧૩ શાળાના ૨૫૦ થી વધુ સ્કાઉટ ગાઇડ વિદ્યાર્થીઓએ દેશભક્તિ અને કૃષ્ણ વંદના રજૂ કરી

ભાવનગર,તા.૧૭

૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના સંયુક્ત ઉપક્રમે અભિવ્યક્તિ ઉત્સવનું આયોજન શ્રી દક્ષિણામૂર્તિ રંગમંચ ખાતે શનિવારે કરવામાં આવ્યું.

જેમાં શહેરની જુદી જુદી ૧૩ શાળા અને સંસ્થાના ૨૫૦ થી વધુ સ્કાઉટ ગાઈડ દક્ષિણામૂર્તિ બાલપમરાટ રંગ મંચ ખાતે કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ ગાનથી કરવામાં આવી ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો વૈભવભાઈ વ્યાસ પ્રેસિડેન્ટ રોટરી



ક્લબ ઓફ ભાવનગર રોયલ, મનહરભાઈ રાઠોડ સેક્રેટરી સેલ્ફ ફાઈનાન્સ ફેડરેશન ઓફ ગુજરાત, દર્શનાબેન ભટ્ટ જિલ્લા ગાઈડ કમિશનર તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા ભારત માતાની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરી અને વિવિધ નારાઓ ભારત માતાકી.. જય, આઝાદ હિન્દ.. જિંદાબાદ, કોમીનારા.. વંદે માતરમ, કશ્મીરહો યા કન્યાકુમારી.. ભારત માતા એક હમારી જેવા નારા સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ક્રમશ: એક પછી એક કૃતિએ ઉપસ્થિત સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને સમગ્ર વાતાવરણ દેશભક્તિમય થઈ ગયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાજલબેન પંડ્યા દ્વારા કરવામાં આવેલ જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા મંત્રી શ્રી અજયભાઈ ભટ્ટ ના માર્ગદર્શનમાં શિક્ષકો, રોવર રેંજર અને સિનિયર સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

## ભાવ.શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રમુખ કુમાર શાહે તિરંગો લહેરાવ્યો

### વિવિધ સિદ્ધિ પ્રાપ્ત સંસ્થાઓ, રમતવીરો અને વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરાયું

ભાવનગર,તા.૧૭

૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્રય પર્વે શહેર ભાજપ કાર્યાલય ખાતે સ્વતંત્રતા દિવસ અંતર્ગત ધ્વજા રોહણ કરવામાં આવેલ. ધ્વજ રક્ષક ભરતભાઇ મોણપરા દ્વારા કુમારભાઈને રાષ્ટ્રધ્વજ સુધી દોરી જવામાં આવેલ, અને ત્યાર બાદ રાષ્ટ્રગીત અને ભારતમાતા કી જય અને વંદે માતરમના નારાઓ ગુંજી ઉઠ્યા હતા અને વાતાવરણ દેશભક્તિમય બની ગયેલ.



આ પ્રસંગે ભાવેણાની પુત્રી કરાટે અને ટેકવૉન્ડોમાં ગોલ્ડ મેડાલીસ્ટ હસ્તીબેન, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સની પરેડમાં પસંદગી પામેલ ભાવનગરની પુત્રી કમાન્ડર સંગીતાબેન, યોગમાં નામ રોશન કરનાર ક્રિષ્નાબેન મહેતા તેમજ કુશલ દીક્ષિતની કલાપથ સંસ્થા તેમજ યંગસ્ટાર બાસ્કેટ બોલ જેવી સંસ્થાઓની ટીમોનું શાલ, સન્માનપત્ર અને સ્મૃતિચિન્હ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં શહેર અધ્યક્ષ કુમારભાઈ શાહે ઉપસ્થિતોને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. આ ધ્વજારોહણ કાર્યક્રમમાં મેયર ઉષાબેન તલરેજા, ત્રણેય મહામંત્રીઓ નરેન્દ્રસિંહ ગોહિલ, મુકેશભાઇ ડાભી અને નિલેશભાઈ રાવલ સહિત શહેર અને વોર્ડ સંગઠન, પૂર્વ પ્રમુખો અને મહામંત્રીઓ, પૂર્વ હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વરિષ્ટ આગેવાનો, તમામ સેલ મોરચા અને સમિતિઓના હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સિહોર નગરપાલિકામાં ધ્વજવંદન સાથે ૨૦ વર્ષ બાદ શ્રેષ્ઠ કર્મચારીઓનું સન્માન



સિહોર નગરપાલિકા કચેરી ખાતે ૧૫મી ઓગસ્ટ નિમિત્તે પ્રમુખ જાગૃતિબેન રાઠોડના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું. આ સાથે ૨૦ વર્ષ પછી પાલિકામાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા કર્મચારીઓનો પ્રોત્સાહક સન્માન કાર્યક્રમ યોજાયો હતો. સેનિટેશન, સફાઈ, બાંધકામ, પાણી પુરવઠા, ટેક્સ, ઈલેક્ટ્રિક સહિતના વિવિધ વિભાગોના કર્મચારીઓને સન્માનપત્ર તથા ભગવાન દ્વારકાધીશની પ્રતિમા આપી સન્માનિત કરાતાં કર્મચારીઓમાં હર્ષની લાગણી છવાઈ હતી. આ પ્રસંગે કારોબારી ચેરમેન જીમીબેન રાણા, વિવિધ સમિતિઓના ચેરમેનો, ચૂંટાયેલા સદસ્યો અને તમામ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વાતંત્ર્ય દિવસે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન દ્વારા યોજાયા વિવિધ કાર્યક્રમો

ભાવનગર,તા.૧૭

સ્વાતંત્ર્ય દિવસના અવસર પર પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન દ્વારા દેશભક્તિ, સામાજિક સરોકાર તથા સેવાભાવનાથી ઓતપ્રોત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું જેમાં અધ્યક્ષ શાલિની વર્માના માર્ગદર્શન હેઠળ બાલ મંદિર તથા કિડ્સ હટ સ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય દિવસ સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે સંગઠનની ઉપાધ્યક્ષ શ્રીમતી શિખા શર્મા તથા અન્ય સભ્યાઓ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. સમારોહમાં ઉપસ્થિત બાળકો તથા સભ્યોએ રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રીય પર્વની ગરિમામાં વધારો કર્યો તથા દેશ પ્રત્યે સમર્પણ અને રાષ્ટ્રપ્રેમની ભાવના વ્યક્ત કરી. આ જ ક્રમમાં મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા ખાતે અપર મંડળ રેલવે પ્રબંધક ઋત્વિક શર્મા તથા અન્ય અધિકારીઓ દ્વારા સારવાર લઈ રહેલા દર્દીઓને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઐતિહાસિક શૌર્યભૂમિ ફાગવેલ ખાતે ખેડા કલેક્ટર ઉપાધ્યાયે લહેરાવ્યો તિરંગો




ભાવનગર,તા.૧૭

ખેડા જિલ્લાના નવરચિત ફાગવેલ તાલુકા ખાતે દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરાઈ. પ્રથમ વખત જ જિલ્લા કક્ષાનો આ કાર્યક્રમ નવા રચાયેલા ફાગવેલ તાલુકામાં યોજાતા સ્થાનિક લોકો અને સમગ્ર જિલ્લા વહીવટી તંત્રમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે કલેક્ટર એન.વી. ઉપાધ્યાય (ભાવનગર મહાપાલિકાના અભૂતપૂર્વ મ્યુ. કમિશ્નર)એ રાષ્ટ્રધ્વજ ફરકાવીને દેશના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો અને પરેડનું પરીક્ષણ કર્યું હતું. તેમણે સલામી ઝીલીને પરેડમાં જોડાયેલા પોલીસ પ્લાટુન, વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત ગ્રામજનોનું અભિવાદન કર્યું હતું. આ જિલ્લા કક્ષાના સત્તાવાર કાર્યક્રમમાં સાંસદ દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય રાજેશ ઝાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ખેડા જિલ્લાના તમામ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ કર્મચારીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને રાષ્ટ્રપર્વની ઉજવણીમાં સહભાગી બન્યા હતા. નવરચિત તાલુકા ખાતે પ્રથમ વખત જ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થતાં સમગ્ર ફાગવેલ પંથકમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ હતી. સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રપ્રેમ અને આત્મગૌરવના વાતાવરણમાં ઉત્સાહપૂર્વક પૂરો થયો હતો.



## શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા મૂંગા શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ કોલેજ વિભાગ દ્વારા શાળાના મેદાનમાં ૮૦ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સંસ્થાના કાર્યાલય અધિકક્ષક સૂર્યકાંતભાઈ ચાવડાના હસ્તે ધ્વજવંદન કરાયું તેમણે પ્રાસંગિક ઉદબોધનમાં સૌએ સાથે મળીને રાષ્ટ્રહિતના કાર્યોમાં સહભાગી થવાની તેમજ દરેક કાર્યને યજ્ઞ સમાન ગણીને કરવાથી કાર્ય દિપી ઊઠે છે તે વાત જણાવેલ. આ પ્રસંગે સસ્થાના પ્રમુખ ગિરીશભાઈ શાહ, ઉપપ્રમુખ મહાસુખભાઈ જકડીયા, માનદમંત્રી ડો. અશ્વિનભાઈ પંડ્યા, સહમંત્રી અમિતભાઈ શાહ, સહમંત્રી કિરીટભાઈ સોની, ખજાનચી જીતુભાઈ શાહ, આનંદભાઈ શાહ, રાજુભાઈ હકાણી, દિપકભાઇ ધંધુકિયા, હિતેશભાઈ મહેતા, કિર્તીબેન ચાવડા, દિપ ચાવડા તેમજ ત્રણેય વિભાગના આચાર્ય શૈલેષભાઈ દવે, ફાલ્ગુનીબેન ખાટ્સુરિયા, ધવલભાઈ વ્યાસ તથા સંસ્થાના તમામ વિભાગના સ્ટાફ, તાલીમાર્થીઓ અને બાળકોની વિશાળ હાજરીમાં સંપન્ન થયેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રીતિબેન ભટ્ટએ તેમજ આભારવિધિ શૈલેષભાઈ દવેએ કરેલ આ પ્રસંગે છાત્રાલયના બાળકો માટે મિષ્ટાનની ભોજન કરાવાયું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## તસવીર સમાચાર

# પવિત્ર શ્રાવણ માસમાં શિવકુંજ આશ્રમ જાળિયામાં યજ્ઞ આરાધના



જાળિયા ગામે શિવકુંજ આશ્રમમાં પવિત્ર શ્રાવણ માસમાં યજ્ઞ આરાધનાનો ઉત્સાહભેર મંગળ પ્રારંભ થયો છે. શ્રાવણ માસ પ્રથમ દિવસ યજ્ઞ પ્રારંભમાં અગિયાળીના રામભારતી બાપુની ઉપસ્થિતિ રહી. વિશ્વાનંદ માતાજીના સાનિધ્યમાં શિવકુંજ આશ્રમમાં શિવ પૂજા વંદના સાથે ધર્મ અને સંસ્કૃતિનું પ્રેરક કાર્ય થઈ રહ્યું છે. યજ્ઞ પ્રારંભ સાથે વૃક્ષારોપણ રોપ વિતરણ કાર્ય થઈ રહેલ છે, જેમાં દેવશીભાઈ ચાવડાને પ્રથમ રોપ અર્પણ થયેલ. અહીંયા ગુરુ આશ્રમ બગદાણાનાં અગ્રણીઓની ઉપસ્થિતિ રહી હતી.શ્રાવણ માસ દરમિયાન પ્રથમ ગણેશ યજ્ઞ પ્રારંભ થયો છે. આ સાથે વિષ્ણુ યજ્ઞ, નવચંડી યજ્ઞ, ભૈરવ યજ્ઞ સાથે મહારુદ્ર યજ્ઞ આયોજન થયેલ છે. અહીંયા અનંતભાઈ ઠાકર અને ભૂદેવો દ્વારા ધર્મ પૂજન વિધિમાં આશ્રમ પરિવાર જોડાઈ રહેલ છે.

# શાળા નં. ૫ અને ૩૧માં દેશભક્તિના માહોલમાં સ્વતંત્રતા દિવસ ઉજવાયો



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં.૫ અને ૩૧ દ્વારા સંયુક્ત રીતે ૮૦મા આઝાદ દિવસની ઉજવણી કરાઈ. દિવ્યાંગ બાળા ઈકરા પરવીનના હસ્તે અને કોર્પોરેટર રેખાબેન બારૈયાની અધ્યક્ષતામાં ધ્વજવંદન યોજાયું હતું. આચાર્ય ઝુબેરભાઈ કાઝીએ સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓએ દેશભક્તિપૂર્ણ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી, જ્યારે વિષ્ણુપ્રસાદ ધાંધલાએ સંચાલન કરી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વિશ્વ અંગદાન દિવસે યોજાઈ જન જાગૃતિ રેલી




૧૩ ઓગસ્ટના રોજ વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ભાવનગરના ઘોઘા ગેટ ચોક ખાતેથી જનજાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું. શેઠ ટીબી જૈન ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકો સમીરભાઈ વ્યાસ, ક્ષિતિબેન જોશી, તર્જનીબેન શુક્લ અને મીતાબેન ગોહિલ રેલીમાં ઉત્સાહભેર જોડાયા હતા. ઘોઘા ગેટથી જશોનાથ સર્કલ સુધી યોજાયેલી આ રેલીમાં વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર દ્વારા અંગદાન, ચક્ષુદાન અને દેહદાન અંગે જાગૃતિ ફેલાવી હતી. જુનિયર રેડ ક્રોસના સુમિતભાઈ, મિલનભાઈ અને રોહિતભાઈ ભંડેરીએ ઉપસ્થિત રહી લોકોને અંગદાન અંગે ઉપયોગી માહિતી પૂરી પાડી હતી.

# રેલવે હોસ્પિટલમાં હાડકાંના રોગો માટે યોજાયો આરોગ્ય કેમ્પ

ભાવનગર,તા.૧૭

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલ ખાતે રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે હાડકાંના રોગો અંગેના આરોગ્ય કેમ્પ યોજાયો જેમાં કુલ ૯૪ રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ નિષ્ણાત આરોગ્ય સેવાઓનો લાભ લીધો. કેમ્પ દરમિયાન ૐઝ૨ હોસ્પિટલના હાડકાંના રોગોના નિષ્ણાત ડૉ. સ્મિત વઘેરએ પોતાની નિષ્ણાત સેવાઓ આપી હતી. તેમણે લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરી અને હાડકાં તથા સાંધા સંબંધિત સમસ્યાઓ અંગે જરૂરી તબીબી પરામર્શ તેમજ આરોગ્યલક્ષી સૂચનો આપ્યા.

# મંત્રી કુંવરજી બાવળીયાએ ગ્રામીણ વિકાસ અને તાલીમ સંસ્થાઓની કામગીરીનું સ્થળ નિરીક્ષણ

## પીએમ આવાસ યોજના, સખી મંડળ અને આઈ.ટી.આઈ.ની પ્રવૃત્તિઓની સમીક્ષા કરી લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો

ભાવનગર,તા.૧૭

શ્રમ, કૌશલ્ય વિકાસ, રોજગાર અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાએ ભાવનગર જિલ્લાની મુલાકાત દરમિયાન પાલીતાણાના જમણવાવ, મોટી રાજસ્થળી અને મોખડકા ગામોમાં ગ્રામ વિકાસ એજન્સીની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. જમણવાવમાં હીરા મારું, મોટી રાજસ્થળીમાં અને મોખડકામાં સરકારી આવાસની મુલાકાત લઈ પ્રધાનમંત્રી આવાસ યોજનાના હપ્તા સમયસર મળ્યા છે કે કેમ તેની ખાતરી કરી હતી. જમણવાવ ખાતે બે લાભાર્થીઓને ઘરની ચાવી સોંપી શોક પિટ તથા સામુહિક શૌચાલયની કામગીરી નિહાળી હતી.

સખી મંડળની બહેનો સાથે સંવાદ કરી લોન, આવક અને સ્વરોજગાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, ભાવનગર, પાલીતાણા અને સિહોર આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી ઈસરો જેવી સંસ્થાઓમાં રહેલી કારકિર્દીની તકો વિશે માહિતી આપી હતી. સિહોરમાં ધોળકિયા ટોબેકો પ્રા.લિ.ની ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત વેળાએ ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુ અને પૂર્વ સાંસદ ભારતીબેન શિયાળ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગર ITI ખાતે તૈયાર અદ્યતન STEM અને ટ્રેડ લેબ્સનું લોકાર્પણ: ૨૦૮ યુવાનોને જોબ લેટર એનાયત

ભાવનગર,તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કૌશલ્યપ્રશિક્ષણ આપી રોજગારી પૂરી પાડવાના ભાગરૂપે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાના હસ્તે ભાવનગર આઈ.ટી.આઈ. ખાતે આધુનિક કૌશલ્ય લેબ્સનું લોકાર્પણ કરાયું હતું. નિરમા લિમિટેડના સહયોગથી 'STEM' લેબ અને પીડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી પ્લમ્બર, કાર્પેન્ટર અને મેશન ટ્રેડ માટેની લેબ્સ કાર્યરત કરવામાં આવી છે.

આ પ્રસંગે મંત્રી બાવળિયાએ મારુતિ સુઝુકી લિમિટેડમાં પસંદગી પામેલા ૨૦૮ તાલીમાર્થીઓને જોબ ઓફર લેટર એનાયત કર્યા હતા. તેમણે ઈસરો જેવી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સંસ્થાઓમાં ગુજરાતના આઈ.ટી.આઈ. યુવાનોની કામગીરી અને કુશળતાને



ગૌરવપૂર્વક બિરદાવી હતી. આ કાર્યક્રમમાં આચાર્ય તપન વ્યાસ, પૂર્વ સાંસદ ભારતીબેન શિયાળ, આઈ.એમ.સી. ચેરમેન નીરજ જોશી, નિરમાના વીરેન શાહ, પીડિલાઈટના રાકેશકુમાર ગોહિલ અને મારુતિ સુઝુકીના સહયોગ શાહ સહિત ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાના હસ્તે આધુનિક કૌશલ્ય લેબ્સ ખુલ્લી મુકાઈ, ઈસરો અને ખાનગી ઉદ્યોગોમાં ગુજરાતી યુવાનોની કુશળતાને બિરદાવી**

# તસ્કરો પકડાતા મોટી વાવડી ગામની મંદિર ચોરીની ફરિયાદ નોંધાવાઈ

## દાઠા પોલીસે ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી

ભાવનગર,તા.૧૭

તળાજા તાલુકાના મોટી વાવડી ગામે આવેલા આશાપુરા માતાના મઢમાંથી તસ્કરો તાળા તોડીને રૂ. ૬૦ હજારની કિંમતના ૧ કિલો વજનના ૧૦૦ જેટલા ચાંદીના છત્તરો ચોરી ગયા હતા. તાજેતરમાં પાલીતાણા પોલીસે ઝડપેલા ચાર શખસે આ ચોરી કરી હોવાની કબૂલાત આપતાં મઢના સંચાલકે દાઠા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મોટી વાવડી ગામે રહેતા અને આશાપુરા માતાના મઢનું સંચાલન કરતા શૈલેષભાઈ વાઘેલાના જણાવ્યા અનુસાર, મઢના ભુવાએ તેમને ફોન કરીને ચોરી અંગે જાણ કરી હતી. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે અજાણ્યા તસ્કરોએ મઢના તાળા તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને ભક્તો દ્વારા માતાજીને અર્પણ કરાયેલા ૧૦૦ જેટલા નાના-મોટા ચાંદીના છત્તરો કિંમત રૂ. ૬૦,૦૦૦ ચોરીને ફરાર થઈ ગયા હતા.

બનાવ સમયે પરિવાર દ્વારા તુરંત પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી નહોતી. જોકે, પાલીતાણા પોલીસે અલગ-અલગ ચોરીઓમાં સંકળાયેલા ચાર શખસની અટકાયત કરી પૂછપરછ કરતાં તેમણે વાવડી ગામના આશાપુરા માતાના મઢમાં પણ ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. આ જાણકારી મળ્યા બાદ મઢના સંચાલકે દાઠા પોલીસ મથકમાં પહોંચી ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

# જવાહર મેદાન ખાતે રાખી મેળાનો પ્રારંભ

## મેયર ઉષાબેન તલરેજા અને ધારાસભ્ય સેજલબેન પંડ્યાની ઉપસ્થિતિમાં ૧૦ દિવસીય રાખડી અને હસ્તકળા પ્રદર્શન-વેચાણ મેળાનું ઉદ્ઘાટન

ભાવનગર,તા.૧૭

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ અને મહિલા-બાળ વિકાસ વિભાગ દ્વારા ભાવનગરના જવાહર મેદાન ખાતે ૧૪ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન ૧૦ દિવસીય 'સ્નેહની રાખી–સ્વાવલંબનની ડોરી' રાખી મેળો-૨૦૨૬ શરૂ કરવામાં આવ્યો છે. આ મેળાનું ઉદ્ઘાટન મેયર ઉષાબેન તલરેજાના હસ્તે અને ધારાસભ્ય સેજલબેન પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં કરાયું હતું. મેળામાં કુલ ૩૦ સ્ટોલ્સ પર



મહિલાઓ દ્વારા હાથથી બનાવાયેલી વિવિધ રાખડીઓ તેમજ હસ્તનિર્મિત ચીજવસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. મહાનુભાવોએ સ્ટોલની મુલાકાત લઈ બહેનોની સર્જનાત્મકતાને બિરદાવી હતી. આ મેળો મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનું સશક્ત માધ્યમ બની રહ્યો છે. ભાવનગરની જનતાને આ મેળાની મુલાકાત લઈ સ્વદેશી વસ્તુઓની ખરીદી દ્વારા બહેનોના હુન્નરને પ્રોત્સાહિત કરવા અપીલ કરાઈ છે. આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી રમેશ ઝાંખણીયા તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી હેતલબેન દવે સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાદ્ય સબસિડી સીધી લાભાર્થીઓના ખાતામાં જમા થશે : મંત્રી નિમુબેન બાંભણિયાએ PDS ના સુધારા પર આપ્યો ભાર







## ચંદીગઢ અને દાદરા-નગર હવેલીમાં 'ડિજિટલ રૂપી વોલેટ' દ્વારા ખાદ્ય સબસિડી વિતરણની નવીન પ્રણાલીના સમારોહમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી બાંભણિયાની રહી ઉપસ્થિતિ

ભાવનગર,તા.૧૭

ભારત સરકાર દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશો ચંદીગઢ અને દાદરા તથા નગર હવેલીમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) હેઠળ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવીન પ્રણાલી હેઠળ ખાદ્ય સબસિડી

પરંપરાગત બેંક ખાતાઓને બદલે સીધી લાભાર્થીઓના 'ડિજિટલ રૂપી વોલેટ'માં જમા થશે, જેનાથી વચેટિયામુક્ત અને પારદર્શક વિતરણ શક્ય બનશે. સ્માર્ટફોન વપરાશકર્તાઓ ઊઇ કોડથી અને ફીચર-ફોન યુઝર્સ દ્વારા સક્ષમ દુકાનો પર ચૂકવણી કરી અનાજ મેળવી શકશે.

આ પ્રસંગે પ્રમુખ વક્તવ્ય આપતાં કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં 'વન નેશન વન રાશન કાર્ડ' (ONORC) અને મજબૂત ફરિયાદ નિવારણ પ્રણાલી જેવા ક્રાંતિકારી સુધારાઓ હાથ ધરી જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ આધુનિક તથા લાભાર્થી-કેન્દ્રિત બનાવી છે.

નિમુબેન બાંભણિયાએ વધુમાં ઉમેર્યું કે દેશમાં ૮૦ કરોડથી વધુ લાભાર્થીઓને મફત રાશન પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેના પરિણામે ૨૫ કરોડથી વધુ લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં સફળતા મળી છે. ગુજરાત અને પુડુચેરીમાં હાથ ધરાયેલા સફળ પાયલોટ પ્રોજેક્ટ બાદ હવે ચંદીગઢ અને દાદરા-નગર હવેલીમાં આ યોજનાનું વિસ્તરણ કરાયું છે.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી, શિવરાજ સિંહ ચૌહાણ અને પંજાબના રાજયપાલ ગુલાબચંદ કટારિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ 'JAM ત્રિપુટી'ના પાયા પર ડિજિટલ ઈન્ડિયાને વધુ સુદઢ બનાવશે.

# સરદાર યુવા મંડળના કાર્યાલય ખાતે સ્વતંત્રતા પર્વની પરાંપરાગત ઉજવણી




સરદાર યુવા મંડળ ભાવનગર દ્વારા ૭૮મા સ્વતંત્રતા પર્વની દેશભક્તિસભર માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ભરતનગર ખાતે આવેલા સરદાર યુવા મંડળના મુખ્ય કાર્યાલય પર સવારે ૭:૩૦ વાગે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે મંડળના આગેવાન સભ્ય શાંતિભાઈ ગોયાણીના વરદ હસ્તે સન્માનપૂર્વક ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ સભ્યો અને નાગરિકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપીને રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. આ તકે સરદાર યુવા મંડળના હોદ્દેદારો, સભ્યો તેમજ સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સિહોર સીવીલ કોર્ટમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી





સિહોરની સીવીલ કોર્ટમાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ગૌસ્વામીની રાહબરી હેઠળ સિહોર બારના પ્રમુખ શરદભાઈ ભટની વિશેષ ઉપસ્થિતિમાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પોલીસના જવાનો , બંને સરકારી વકીલ, કોર્ટ સ્ટાફ તથા તમામ વકીલ મિત્રો ભાઈ બહેનો એ પ્રથમ રાષ્ટ્રગાન વંદેમાતરમ્નું ગાન અને બાદમાં દવજવંદન કરેલ અને રાષ્ટ્રગીતના ગાન બાદ પોલીસ વિભાગના સાયબર ક્રાઈમ વિભાગના વિજયભાઈએ સાયબર ફ્રોડ અટકાવવા અંગે જાણકારી આપી હતી. રાજુભાઈ જાની, ન્યાયધીશ ગૌસ્વામી તેમજ બારના પ્રમુખ શરદભાઈએ પ્રાસંગીક ઉદબોધન કર્યા હતા. હેતલબેન ઓઝા અને રામભાઈ ડાંગરની દેશભક્તિની પ્રસ્તુતીઓએ આજનો પ્રસંગ રૂડો બનાવ્યો હતો.

# લંગાળા ગ્રામ પંચાયતની ઓફિસ ઉપરથી ૯૬ બોટલ ઈંગ્લિશ દારૂ જપ્ત

## ફરાર થઈ ગયેલા આરોપી વિશાલ ડાંગર સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ

ભાવનગર,તા.૧૭

ઉમરાળા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી. બારડના માર્ગદર્શન હેઠળ ઉમરાળા પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે લંગાળા ગામે ગ્રામ પંચાયત ઓફિસની ઉપર વિશાલ ઉર્ફે સોડીઓ વશરામ ડાંગરે ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂ રાખ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરીને રોયલ સ્ટેગ અને રોયલ ચેલેન્જ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની કુલ ૯૬ બોટલ કિંમત રૂ. ૬૫,૮૫૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દરોડા દરમિયાન આરોપી વિશાલ ડાંગર હાજર ન મળી આવતા તેને પકડવાનો બાકી દર્શાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી. બારડ, હેડ કોન્સ્ટેબલ એ.પી. પાવરા, એમ.કે. ગોહીલ તેમજ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ ગોહીલ, પુષ્પરાજસિંહ ગોહિલ અને જગદીશસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૩૯/૨૦૨૫**
**મરણ તારીખ ૦૨/૧૧/૧૯૮૭**

**શ્રી ભરતભાઈ જોધાભાઈ બારૈયા,**
**રહે. અકવાડા, બસસ્ટેન્ડ પાસે, ઘોઘારોડ,**
**ભાવનગર. મો-૯૭૨૫૨૩૩૫૭૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભરતભાઈ જોધાભાઈ બારૈયાએ તેમના માતા કાશીબેન જોધાભાઈ બારૈયા નું મૃત્યુ તા.૦૨/૧૧/૧૯૮૭ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૩/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**CCTV કેમેરાની વ્યવસ્થા**

મંડળ રેલવે મેનેજર (વાણિજ્ય), પશ્ચિમ રેલવે, ભાવનગર, ભારતના રાષ્ટ્રપતિ વતી નીચે દર્શાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં. CCTV/2026/station/1:** 28 સ્ટેશનોની કોમર્શિયલ કચેરીઓમાં CCTV કેમેરાની વ્યવસ્થા કરવાનું કામ, જેમાં નીચેના સ્ટેશનોનો સમાવેશ થાય છે: 1. ભાવનગર ટર્મિનસ (BVC) 2. વેરાવળ (VRL) 3. જૂનાગઢ (JND) 4.બોટાદ જંકશન (BTD) 5.પોરબંદર (PBR) 6. પાલીતાણા (PIT) 7. સોનગઢ (SGD) 8. ગોંડલ (GDL) 9. મહુવા (MHV) 10. કેશોદ (KSD) 11. સાવરકુંડલા (SVKD) 12. ધોળા જંકશન (DLJ) 13. સિહોર જંકશન (SOJN) 14. ગાંધીગ્રામ (GG) 15. જેતલસર જંકશન (JLR) 16. સુરેન્દ્રનગર ગેટ (SRGT) 17. ભાવનગર પરા (BVP) 18. જોરાવરનગર (JVN) 19. લીલીયા મોટા (LMO) 20. રાજુલા જંકશન (RLA) 21. ભાણવડ (BNVD) 22. ધંધુકા (DCK) 23.સારખેજ (SEJ) 24. નવાગઢ (NUD) 25. લીંબડી (LM) 26. વિરપુર (VRR) 27. માળિયા હાટીના (MLHA) 28.ઢસા જંકશન (DAS) **અંદાજિત કિંમત:** ₹2,58,15,741.02/- (રૂપિયા બે કરોડ અઠ્ઠાવન લાખ પંદર હજાર સાતસો એકતાલીસ અને બે પૈસા માત્ર) બિડરોએ માત્ર ઓનલાઈન લિંક **www.ireps.gov.in** દ્વારા અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: 04-09-2026 ના રોજ 15:00 કલાક સુધી.

BVP 107


અમને લાઈક કરો: facebook.com/WesternRly

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ઉપલબ્ધ સારવારો
• ખીલ અને ખીલના ડાઘ
• એલર્જી અને ખંજવાળ
• સફેદ ડાઘ (vitiligo)
• સોરાયસિસ અને એક્ઝિમા
• વાળ ખરવા અને ટાલ પડવી
• ફંગલ ઈન્ફેક્શન
• નખના રોગો
• બાળકો અને મહિલાઓના ચામડીના રોગો
વિશેષ સારવારો
• Laser Hair Removal
• Chemical Peel
• PRP Hair Treatment
• CO2 Laser Treatment
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કેવર, માધવદિપ કોમ્પલેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ
8
તા. ૧૭-૦૮-૨૦૨૬, સોમવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
• નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
• સોનોગ્રાફી
• બાળક રહેવામાં તકલીફ
• ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
• નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
• જોખમી ડિલિવરી
• ગર્ભાશયના કેન્સરનું રસીકરણ
+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પ્લેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

## સમુદ્ર મધ્યે બિરાજમાન 'નિષ્કલંક મહાદેવ'



ભાવનગર જિલ્લાના દરિયાકિનારે આવેલું કોળીયાક ગામ માત્ર એક તીર્થસ્થાન નથી, પરંતુ કુદરત અને શ્રદ્ધાના અનોખા સંગમનું જીવંત પ્રતીક છે. અહીં સમુદ્રની લહેરો વચ્ચે બિરાજમાન નિષ્કલંક મહાદેવનું મંદિર ભારતભરમાં પોતાની અનન્ય ભૌગોલિક અને આધ્યાત્મિક વિશેષતા માટે પ્રખ્યાત છે.

મહાભારતના ભીષણ યુદ્ધ બાદ પોતાના જ સ્વજનોના વધના પાપમાંથી મુક્તિ મેળવવા પાંચેય પાંડવો શ્રીકૃષ્ણના માર્ગદર્શન હેઠળ કાળી ધજા લઈને નીકળ્યા હતા.એવી લોકવાયકા છે કે કોળીયાકના દરિયાકિનારે પહોંચતા જ એમની કાળી ધજા ચમત્કારિક રીતે સફેદ થઈ ગઈ હતી.કલંકમાંથી મુક્ત થવાને કારણે પાંડવોએ અહીં દરિયામાં ઓટલા પર અલગ-અલગ કદના પાંચ શિવલિંગોની સ્થાપના કરી, જેથી આ સ્થળ 'નિષ્કલંક મહાદેવ' તરીકે ઓળખાય છે. આ સ્થાન નર્મદાના મુખની બરાબર સન્મુખ આવેલું છે. લોકમાન્યતા મુજબ આ જ અસલ હાટકેશ્વર છે અને તેને પાતાળનું પિયર પણ ગણવામાં આવે છે. અહીંના શિવલિંગો આઠમી સદીના હોવાનું મનાય છે.ભરતી-ઓટનો કુદરતી ચમત્કાર અને દર્શનની પરંપરા ભરતી વખતે સમગ્ર મંદિર અને શિવલિંગો દરિયાના પાણીમાં ગરકાવ થઈ જાય છે, માત્ર મંદિરની ધજા જ દેખાય છે.દરિયામાં ઓટ આવે ત્યારે પાણી લગભગ દોઢથી બે કિલોમીટર પાછળ હટી જાય છે અને ભક્તો દરિયાની રેતી પર પગપાળા ચાલીને ઓટલા પર પહોંચી શિવજીના સાક્ષાત દર્શન તથા પૂજા-અર્ચના કરે છે.

દર વર્ષે શ્રાવણ મહિનાની અમાસે અહીં લાખો શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં ભાદરવીનો મેળો ભરાય છે. લોકો દરિયાના પવિત્ર જળમાં સ્નાન કરી પિતૃતર્પણ અને પાપમુક્તિ મેળવે છે.આ પાવન દિવસે ભાવનગર સ્ટેટ (રાજવી પરિવાર) તરફથી મંદિર પર વિધિવત ધજા ચડાવવાની પરંપરા આજે પણ એટલા જ ગૌરવ સાથે જળવાઈ રહ્યો છે. દરિયાની વચ્ચે ચાલીને જઈ મહાદેવની સ્તુતિ કરવાનો આ દિવ્ય અનુભવ પ્રત્યેક શ્રદ્ધાળુએ જીવનમાં એક વખત માણવા જેવો છે.!

તસવીર કથા : અમુલ પરમાર

## ત્રાપજ ગામે મોડીરાત્રે ઘરમાં ઘુસી નિંદ્રાધીન વૃદ્ધાના કાનના સોનાના વેઢલા લૂંટી અજાણ્યો શખ્સ ફરાર

### રૂ.૧.૨૫ લાખની કિંમતના ૪ તોલાના ૭ વેઢલા લૂંટી ગયાની અલંગ પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર,તા.૧૭

તળાજા તાલુકાના ત્રાપજ ગામે એકલા રહેતા વૃદ્ધાના મોડીરાત્રીના અજાણ્યા શખ્સે ઘૂસીને વૃદ્ધાનું ગાળું દબાવી માર મારી અર્ધબેભાન કરી તેના કાનમાંથી ૪ તોલાના સોનાના ૭ વેંધલની લૂંટ કરી નાસી ગયેલ બનાવ અંગે અલંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બનાવ અંગે નાના એવા ગામમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ત્રાપજ ગામે રહેતા અને એકલા રહેતા ૭૫ વર્ષીય દવલબેન પ્રેમજીભાઈ કાપડિયા તા. ૧૬/ ના રોજ વહેલી સવારે બે વાગ્યાના સુમારે પોતાના ઘરમાં સૂતા હતા. તે દરમિયાન અચાનક એક અજાણ્યો શખ્સ ઘરમાં ઘૂસી આવ્યો હતો અને વૃદ્ધાનું ગળું દબાવી મોઢા પર ઢીકાપાટુનો માર માર્યો હતો.

આ હુમલામાં વૃદ્ધાની ડાબી આંખ તેમજ ગળાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને આંખની નીચે હાડકામાં ફેક્ચર થયું હતું. અજાણ્યો શખ્સ વૃદ્ધાના બંને કાનમાંથી અંદાજે ૪ તોલા વજનના અને અંદાજે રૂ. ૧,૨૫,૦૦૦ ની કિંમતના સોનાના સાત વેઢલા લૂંટીને ફરાર થઈ ગયો હતો.વહેલી સવારે સ્વજનો અને ગ્રામજનોની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વૃદ્ધાને ભાવનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ મા અંગે અલંગ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ કલમ ૩૦૯(૬), ૩૧૧, ૩૩૧(૭), ૧૧૭(૨) અને ૧૧૫(૨) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહુવાના નાના આસરણામાં વૃદ્ધાનું મોઢું-ગળું દબાવી ૪૦ હજારના દાગીનાની લૂંટ

ભાવનગર,તા.૧૭

મહુવા તાલુકાના નાના આસરણા ગામે મોડી રાત્રે લૂંટની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૭૫ વર્ષીય મનુભાઈ રામભાઈ નકુમ અને તેમના ૭૦ વર્ષીય પત્ની દવલબેન પોતાના ઘરની ઓસરીમાં સુતા હતા, તે વેળાએ રાત્રે આશરે ૩:૦૦ વાગ્યાના અરસામાં બે અજાણ્યા તસ્કરોએ ઘરમાં અનાધિકૃત પ્રવેશ કર્યો હતો.

સુતેલા દવલબેનના કાનમાંથી ઘરેણાં કાઢવાનો પ્રયાસ કરતી વખતે તેઓ જાગી જતાં, એક શખ્સે તેમનું મોઢું દબાવી અને બીજાએ ગળું દબાવી દીધું હતું. ત્યારબાદ લૂંટારૂઓએ તેમના જમણા કાનમાંથી પીતળની ત્રણ ખોટી કડીઓ (૫ ગ્રામ) તથા ડાબા કાનમાંથી સોનાની એક ટોટી (૪ ગ્રામ) મળી કુલ રૂ. ૪૦,૦૦૦ ના મત્તાની લૂંટ ચલાવી હતી.

લૂંટ દરમિયાન વૃદ્ધાને કાનના ભાગે ઈજાઓ પહોંચતા તેમને તુરંત સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ બનાવ સંદર્ભે મનુભાઈ નકુમની ફરિયાદના આધારે ખૂંટવડા પોલીસે બે અજાણ્યા શખ્સો સામે BNS એક્ટની કલમ ૩૦૯(૬), ૩૩૧(૬), ૧૩૫ અને ૫૪ મુજબ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**વૃદ્ધાના કાનમાં ઈજા પહોંચાડી લૂંટારૂઓ ફરાર, ખૂંટવડા પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરી**

## ઉમરાળાના ધોળા જંક્શન ગામે ઓટલા પર બેસવા બાબતે યુવક ઉપર છરીથી હુમલો

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ધોળા જંક્શન ગામે રહેતા મયુરભાઈ અશોકભાઈ ઝંઝવાડીયા (ઉ.વ. ૨૫) ગત તા. ૧૫ના રોજ સાંજે ચામુંડા ચોક ખાતે મિત્રના ઘરના ઓટલા પર બેઠા હતા. તે દરમિયાન ગામના રોહનભાઈ પ્રવિણભાઈ રાઠોડ, રૂત્વિકભાઈ પ્રવિણભાઈ રાઠોડ અને ચિરાગભાઈ ભુપતભાઈ આહિર મોટરસાયકલ લઈને આવ્યા હતા. રોહને ઓટલા પર બેસવા બાબતે ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો અને હાઈસ્કુલના દરવાજા પાસે ઘસડી ગયા હતા.અગાઉ ગામના આરતીબેનના ઘરે આવવા-જવા બાબતની શંકા રાખીને રોહને પોતાની કેડમાંથી છરી કાઢી મયુરભાઈના માથામાં ડાબી બાજુ ઘા ઝીંકી દીધો હતો, જ્યારે અન્ય બંનેએ પકડી રાખી માર માર્યો હતો. આ હુમલામાં મયુરભાઈ ગંભીર રીતે ઘાયલ થતા તેમના માથામાં પાંચ ટાંકા આવ્યા હતા.

૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મયુરભાઈને પ્રથમ ઉમરાળા અને બાદમાં વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલથી રજા મળ્યા બાદ ઉમરાળા પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ કલમ ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મહુવાના બોરડી ગામે ઈન્સ્ટાગ્રામ મેસેજ બાબતે યુવક પર હુમલો

### કાકાને પણ લાકડીનો ઘા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી

ભાવનગર,તા.૧૭

મહુવા તાલુકાના બોરડી ગામે રહેતા ગિજુભાઈ ભોળાભાઈ બારૈયા (ઉ.વ. ૨૨) ના ઘરે ગત તા. ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ પુત્રનો જન્મ થયો હતો. આ બાબતે જસુભાઈ મનુભાઈ મકવાણાએ તેમને ઈન્સ્ટાગ્રામ પર અભિનંદનનો મેસેજ મોકલ્યો હતો. અગાઉ જસુભાઈ તેમના પરિવારની યુવતીને ભગાડી ગયા હોવાના જૂના મનદુઃખને કારણે ગિજુભાઈએ તેને મેસેજ કરવાની ના પાડી હતી, જેની દાઝ જસુભાઈએ રાખી હતી.

ગત તા. ૧૬ના રોજ સાંજે સાડા છ વાગ્યાના સુમારે ગિજુભાઈ ભરતભાઈ જોળીયાની દુકાને નાસ્તો કરવા બેઠા હતા ત્યારે જસુભાઈ ત્યાં આવ્યા હતા. તેમણે ગિજુભાઈનો કાંઠલો પકડી બહાર રોડ પર ઘસડી જઈ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. વચ્ચે બચાવ કરવા આવેલા ગિજુભાઈના કાકા ગંભીરભાઈને પણ જસુભાઈએ વાંસાના ભાગે લાકડીનો ઘા મારી ઈજા પહોંચાડી હતી.જસુભાઈ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી પણ આપી ગયા હતા. આ બનાવ અંગે મોટા ખુંટવડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુરુકૂળના કે.પી. સ્વામીને દુષ્કર્મના કેસમા ફસાવાની ધમકી આપી રૂપિયા 2 લાખ પડાવ્યા, વધુ 5 કરોડ વધુ માંગતા પોલીસ ફરિયાદ

### ૧૪ વર્ષ પહેલાં ગુરુકૂળમાં શિક્ષિકા રહી ચૂકેલી મહિલા અને તેના પતિ તેમજ સાળા એ ષડયંત્ર રચ્યાંનો આક્ષેપ, પોલીસે ગુનો નોંધી ફરિયાદી અને આરોપીના મોબાઈલ કબ્જે લઈ તપાસ આરંભી

ભાવનગર,તા.૧૭

ભાવનગર શહેરના સરદારનગર સ્વામિનારાયણ ગુરુકૂળના જાણીતા કેશવપ્રકાશ દાસજી ઉર્ફે કે.પી. સ્વામી (ઉં.વ. ૫૮)ને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂ. ૫ કરોડની માગણી કરવાનો સનસનાટીભર્યો મામલો સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ પ્રકરણમાં ઘોઘારોડ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે એક તબીબ દંપતી અને તેમના સાળા સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી.આરોપીઓ હાલ જામીન પર મુક્ત થયા છે, જ્યારે પોલીસે કબ્જે કરેલા મોબાઈલ ફોન આધારે આગળની ઊંડાણપૂર્વકની તપાસ




હાથ ધરી છે.

બનાવ અંગે સૂત્રો અને ફરિયાદમાંથી મળતી વિગતો અનુસાર, ગુરુકૂળમાં આશરે ૧૪ વર્ષ પહેલાં શિક્ષિકા તરીકે ફરજ બજાવી ચૂકેલા શિવાનીબેન પ્રવીણભાઈ ભાલિયા, તેના પતિ ડૉ. પ્રવીણ ભાલિયા અને સાળા હિરેન ખેરાળાએ મળીને કે.પી. સ્વામી પાસેથી કરોડો રૂપિયા પડાવવાનું કાવતરું રચ્યું હતું. કોઈપણ જાતના અનૈતિક સંબંધો ન હોવા છતાં, ત્રણેય શખ્સોએ સ્વામીની આબરૂ પર કાદવ ઉછાળવાની અને બળાત્કારની ખોટી ફરિયાદમાં જેલભેગા કરવાની ધમકી આપી હતી. પ્રથમ તોડ રૂપે તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ આરોપીઓએ રૂબરૂ મળી સોસાયટીના લોકોને ભેગા કરી દેકારો કરવાની અને બદનામ કરવાની ધમકી આપી સ્વામી પાસેથી રૂ. ૨ લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દંપતી અને સાળાએ કોન્ફરન્સ કૉલ મારફતે શિવાની પાસે સ્વામીને ફોન કરાવી અનૈતિક સંબંધોના ઝૂઠા આક્ષેપો કર્યા હતા અને રૂ. ૫ કરોડની માંગણી કરી હતી, તેમજ રકમ ન મળે તો ખોટા પુરાવા ઊભા કરી જિંદગી બરબાદ કરવાની ધમકી આપી હતી તેવો આક્ષેપ કરાયો છે.

કે.પી. સ્વામીની ફરિયાદના આધારે ઘોઘારોડ પોલીસે તા. ૧૪ ઓગસ્ટના રોજ ત્રણેય આરોપીઓ સામે BNS ની કલમ ૩૦૮(૬), ૩૦૮(૭) અને ૩(૫) મુજબ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં શિવાનીબેન, ડૉ. પ્રવીણ અને હિરેન ખેરાળાની અટકાયત કરી તેમના મોબાઈલ ફોન કબ્જે લીધા હતા. બીજી તરફ, હાઈપ્રોફાઈલ મામલો હોવાથી અને આરોપીઓ જામીનમુક્ત થતાં, "આખરે આ તબીબ દંપતી અને તેના સાળા પાસે એવાં કયા રહસ્યો કે પુરાવાઓ હતા જેના જોરે રૂ. ૫ કરોડ જેવી મસમોટી રકમની માગણી કરાઈ?" તે અંગે શહેરમાં અને સાધુ-સંતોના વર્તુળમાં તર્કવિતર્કો વહેતા થયા છે.

## મોતીતળાવ વિસ્તારમાં પાર્ક કરેલી બે કારમાં મોડીરાત્રે ભેદી આગ



ભાવનગરના મોતીતળાવ વિસ્તારમાં આવેલા મોગલ માતાના મંદિર પાસે પાર્ક કરેલી બે કારમાં શનિવારે મોડીરાત્રે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. ઉપલબ્ધ વિગતો મુજબ મોતીતળાવ વિસ્તારમાં ડેલા નંબર ૨૨૦ની સામે પાર્ક કરેલી બે કારમાં મોડી રાત્રે અચાનક આગ લાગી હતી. આ અંગે સ્થાનિક રહીશ અશરફભાઈએ ફાયર વિભાગને જાણ કરતાં ફાયર ફાઈટરની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર સ્ટાફે સ્થળ પર પહોંચી ભારે જહમત બાદ ૧૦,૦૦૦ લીટર પાણીનો છંટકાવ કરીને બંને કારમાં લાગેલી આગને બુઝાવી હતી.આગની ઝપેટમાં આવેલી કાર પૈકી એક કાર રહેમાનભાઈની માલિકીની ઈનોવા અને બીજી આઈ-૧૦ કાર હોવાનું સામે આવ્યું હતું. આગના કારણે બંને કારને મોટું નુકસાન થયું હતું. જોકે, આંગનું કારણ સામે આવ્યું નથી આથી આગ લાગી કે લગાવાઈ તે અંગે રહસ્યં ઘૂંટાયું છે.!

## અમેરિકાની ધરતી પરની મોરારીબાપુની ચાલીસમી રામકથા

### તુલસી જન્મોત્સવના ઉપલક્ષ્યમાં અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીમાં ભારતના સ્વાતંત્ર્ય પર્વથી કથાગાનનો થયો પ્રારંભ



ભાવનગર,તા.૧૭

મોરારીબાપુના કુલ કથાક્રમની ૯૮૨મી રામકથાનું ગાન અમેરિકાની વિશ્વ પ્રસિદ્ધ હાવર્ડ યુનિવર્સિટી સ્થાન પરથી પંદરમી ઓગસ્ટના રોજ મંગલ આરંભ થયો. ઉલ્લેખનીય છે કે અમેરિકાની ધરતી પર આ પહેલા ૩૯ વખત બાપુ કથા ગાન કરી ચૂક્યા છે. એ રીતે અમેરિકામાં તલગાજરડી વ્યાસપીઠ ૪૦ મી વખત મુર્ખ થઈ રહી છે.

આ વખતે રામકથાની વિશેષતા એ છે કે પૂજ્ય બાપુ અમેરિકા ખાતે તુલસી જન્મોત્સવની ઉજવણી કરશે. શ્રાવણ સુદ સાતમના રોજ તુલસી જયંતિના ઉપલક્ષ્યમાં બાપુ અમેરિકામાં ભારતના પચાસ કથાકારોને લઈ ગયા છે.

અત્રે એ યાદ રાખવું ઘટે કે પૂજ્ય બાપુએ ૨૦૧૦ થી તુલસી જન્મોત્સવની જાહેર ઉજવણીનો આરંભ કરેલો. કલિ પાવનાવતાર પૂજ્ય તુલસીદાસજી મહારાજની પુણ્ય સ્મૃતિ સ્વરુપે બાપુએ કૈલાસ ગુરુકુળ, મહુવાથી તુલસી જન્મ જયંતિના અવસરે ભારતના વિવિધ પ્રાંતના રામકથાના ગાયકો, કથા વાચકો, રામ ચરિત માનસના ચિંતનકારો તથા રામ કથા સંદર્ભમાં યોગદાન

આભાર - નિહારીકા રવિયા આપનારી સંસ્થાઓ પૈકી કોઈ એકની પસંદગી કરીને એમના યોગદાન બદલ તુલસી એવૉર્ડથી તેમને વિભુષિત કરવાનો ઉપક્રમ ૨૦૧૦થી આરંભાયો. એ પછી તુલસી એવૉર્ડની સાથોસાથ વ્યાસ એવૉર્ડ અને વાલ્મીકિ એવૉર્ડનો પણ આ ઉપક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો. ૨૦૧૦ થી ૨૦૨૪ સુધી પ્રતિવર્ષ ગુરુકુળ ખાતે આ કાર્યક્રમનું આયોજન થતું રહ્યું. ગત વર્ષે તુલસીદાસજીના જન્મ સ્થાન રાજાપુર ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. આ વર્ષે અમેરિકામાં યોજાશે.

બાપુ માટે રામચરિત માનસ સ્વયં સદ્ગુરુ છે. પ્રભુ રામનું એ વાંગ્મય સ્વરુપ છે. એના રચનાકાર માટે પ્રતિવર્ષ તુલસીદાસજીના પાવન સ્મરણમાં રામચરિત માનસ અને રામાયણ પર વિશેષ ચિંતન મનન માટે સમર્થ વિદ્વાન કથાકારો અને ચિંતકો પોતાનું નવું ચિંતન પ્રસ્તુત કરે છે. પૂજ્ય બાપુ શ્રોતા તરીકે વિનમ્રતા અને એકાગ્રતાથી રામાયણ વિશેના નવા વિચારોનું શ્રવણ કરે છે.રામ કથાની સાથોસાથ સાયંકાલીન સભામાં વિદ્વાન વક્તાઓના વ્યાખ્યાનોના શ્રવણનો લાભ શ્રોતાઓ પ્રાપ્ત કરશે. પંદરમી ઓગસ્ટ - ભારતના સ્વતંત્રતા દિવસે આ કથા આરંભાઈ રહી છે એ સુંદર યોગાનુયોગ છે.